# જીલ્લા કૃષિ હવામાન એકમ (DAMU)

## ગ્રામીણ કૃષિ મૌસમ સેવા (GKMS)

## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર

## જુ.કૃ.યુ., જામનગર- ૩૬૧૦૦૬

તા.૦૪-૧૧-૨૦૨૦ થી તા.૦૮-૧૧-૨૦૨૦

**જામનગર જીલ્લા કૃષિ હવામાન બુલેટીન નં.૪૫(૨૦૨૦) તારીખ: ૦૩-૧૧-૨૦૨૦**

(જૂનાગઢ કૃષિ યુનીવર્સીટી અને ભારત મૌસમ વિભાગ દ્વારા સંપન્ન)

### પાછલા અઠવાડીયાનું જામનગર નું હવામાન

| હવામાનપરિબળો | | |
|---|---|---|
| વરસાદ (મી.મી) | | ૦.૦ |
| મહતમ તાપમાન (સે.ગ્રે) | | ૩૪.૦-૩૬.૦ |
| લઘુતમ તાપમાન (સે.ગ્રે) | | ૧૮.૦-૨૨.૦ |
| ભેજ(%) | સવાર | ૬૪-૭૫ |
| | બપોર બાદ | ૨૫-૩૪ |
| પવનની ગતિ (કિમી/કલાક) | | ૨.૯-૩.૬ |

## હવામાન આગાહી

### ઉતર સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિભાગ - જામનગર જીલ્લાની હવામાન આગાહી

તા.: ૦૪-૧૧-૨૦૨૦ થી તા. ૦૮-૧૧-૨૦૨૦

| તારીખ / પેરામીટર | દિવસ-૧ ૦૪-૧૧-૨૦ | દિવસ-૨ ૦૫-૧૧-૨૦ | દિવસ-૩ ૦૬-૧૧-૨૦ | દિવસ-૪ ૦૭-૧૧-૨૦ | દિવસ-૫ ૦૮-૧૧-૨૦ |
|---|---|---|---|---|---|
| વરસાદ (મી.મી.) | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| મહત્તમ તાપમાન(સે.ગ્રે) | ૩૩ | ૩૨ | ૩૧ | ૩૧ | ૩૨ |
| લઘુત્તમ તાપમાન(સે.ગ્રે) | ૨૨ | ૨૧ | ૨૧ | ૨૨ | ૨૨ |
| વાદળની સ્થિતિ | ચોખ્ખું | ચોખ્ખું | ચોખ્ખું | ચોખ્ખું | ચોખ્ખું |
| મહત્તમ ભેજ (%) સવાર | ૩૫ | ૪૭ | ૫૬ | ૪૩ | ૩૫ |
| લઘુત્તમ ભેજ (%) બપોર બાદ | ૨૨ | ૨૧ | ૨૬ | ૨૮ | ૨૧ |
| પવનની ગતિ (કિમી/કલાક) | ૧૧ | ૧૨ | ૧૪ | ૧૫ | ૧૩ |
| પવનની દિશા (ડીગ્રી) | પૂર્વ | દક્ષિણ | વાયવ્ય | ઈશાન | પૂર્વ |

નોંધ: આ આગાહી સમગ્ર જીલ્લાની સરેરાશ હોય છે એટલે તેને કોઈ પણ એક જગ્યા માટે લાગુ કરવી નહી.

ભારત સરકારશ્રીના હવામાન ખાતા તરફથી મળેલ હવામાન માહિતી અનુસાર અત્રેના ગ્રામીણ કૃષિ મૌસમ સેવા વિભાગ, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જામનગર તરફથી જણાવવામાં આવે છે કે ઉતર સૌરાષ્ટ્ર ખેત અબોહવાકીય વિસ્તારના જામનગર જીલ્લામાં

આગામી સપ્તાહદરમ્યાન આકાશ ચોખ્ખું રહશે. આગામી સપ્તાહમાં વરસાદ પડવાની સંભાવના નહીવત છે. આ સમય ગાળામાં મહત્તમ તાપમાન દિવસ દરમ્યાન ૩૧-૩૨ ડીગ્રી સેલ્શીયસ જેટલું તેમજ લઘુતમ તાપમાન રાત્રી દરમ્યાન ૨૧-૨૨ ડીગ્રી સેલ્શીયસ જેટલું રહેવાની સંભાવના છે. સવારના સમયે ભેજનું પ્રમાણ ૩૫-૫૬ % રહેશે તથા બપોર પછીના ભેજનું પ્રમાણ ૨૧-૨૮ રહેવાની શક્યતા છે.પવનની દિશા મોટેભાગે ઈશાન- દક્ષિણ રહેવાની અને પવનની ઝડપ ૧૧-૧૫ કીમી/કલાક રહેવાની શક્યતા છે.

## કૃષિ સલાહ


### સામાન્યસલાહ

- શિયાળુ પાકોના વાવેતર માટે આગોતરું આયોજન કરવું તથા કયો પાક વાવવો છે તેને અનુરૂપ જમીન તૈયાર કરવી જોઈએ.
- શિયાળુ પાકોના વાવેતર માટે બીજ, જંતુનાશક દવાઓ, ખાતર વગેરેનો જથ્થો એકઠો કરી લેવો જોઈએ.
- બધાજ શિયાળુ પાકોને બીજ માવજત આપીને જ વાવેતર કરવું. બીજ માવજત માટે પહેલા ફૂગનાશક + જંતુનાશક + રાયઝોબીયમ પ્રવાહી એ પ્રમાણે બીજ માવજત આપવી.
- શિયાળુ પાકોના વાવેતર પછી પ્રથમ પિયત સમયે નિંદામણ નાશક પેન્ડીમીથાલીન ૩૮.૭% સી.એસ. ૭૦૦-૯૦૦ મિલી / એકરના પ્રમાણમાં પિયત સાથે આપવી.

### પાક પ્રમાણે કૃષિ સલાહ

| મુખ્યપાક | રોગ/જીવાત/ જાત | કૃષિસલાહ |
|---|---|---|
| ઘઉં | વાવેતર | • ઘઉંના વાવેતર માટે જમીન તૈયાર કરવી.<br>• ટપક સિંચાય ની સગવડ હોય તો તેના દ્વારા જ પિયત આપવું જોઈએ.<br>• સારી ગુણવતા વાળા બીજ વાવેતર માટે એકઠા કરી લેવા જોઈએ.<br>• વાવેતર સમયને અનુરૂપ જતો પસંદ કરવી જેવીકે<br>• વહેલી વાવણી (૧૦ નવેમ્બર પહેલા): જી.જે. ડબલ્યુ-૪૬૩<br>• સમયસર વાવણી (૧૫ થી ૨૫ નવેમ્બર: લોક-૧, જી. ડબલ્યુ -૩૬૬, ૪૫૧, ૪૯૬<br>• મોડી વાવણી: (૨૬ નવેમ્બર થી ૧૦ ડીસેમ્બર): જી.ડબલ્યુ-૧૭૩, ૧૧, લોક-૧૧<br>• ઘઉંના પાકમાં N-P-K ની જરૂરિયાત ૧૨૦:૬૦:૦૦ કિગ્રા/હેક્ટર છે, જેથી પાયાના ખાતર તરીકે ૧૩૦ કિગ્રા ડીએપી અને ૮૦ કિગ્રા યુરિયા પ્રતિ હેક્ટરે આપવુ.<br>• બીજ દર : ૧૦૦-૧૨૫ કિગ્રા/ હેક્ટર |
| ચણા | વાવેતર | • ચણાના વાવેતર માટે જમીન તૈયાર કરવી.<br>• ઓક્ટોબર મહિનાના અંતમાં બિન પિયત જાતોનું વાવેતર કરવું અને પિયત જાતોનું નવેમ્બર મહિનામા વાવેતર કરવું.<br>• વાવેતર માટે ગુજરાત ચણા -૩ અને ગુજરાત ચણા -૫ જેવી વધુ ઉત્પાદન આપતી જાતો પસંદ કરવી.<br>• વાવેતર સમયે પાયામાં રાસાયણીક ખાતર ૮૫ કીગ્રા ડીએપી અને ૧૦ કીગ્રા યુરિયા પ્રતિ હેક્ટરે આપવું.<br>• બીજ દર : ૬૦-૭૫ કિગ્રા/ હેક્ટર |

| | | |
|---|---|---|
| જીરૂ | વાવેતર | • જીરૂના વાવેતર માટે જમીન તૈયાર કરવી.<br>• નવેમ્બર મહિનામાં ઠંડીની શરૂઆત થયે વાવેતર કરવું.<br>• વાવેતર માટે ગુજરાત જીરૂ-૩ અને ગુજરાત જીરૂ-૪ નામની જાતોનું વાવેતર કરવું. |
| ધાણા | વાવેતર | • ધાણા ના વાવેતર માટે જમીન તૈયાર કરવી.<br>• નવેમ્બર મહિનામાં ઠંડીની શરૂઆત થયે વાવેતર કરવું.<br>• વાવેતર માટે અને ગુજરાત ધાણા-૧, ગુજરાત ધાણા-૨જેવી ભલામણ કરેલ જાતોનું વાવેતર કરવું.<br>• બીજ દર : ૧૫-૨૦ કિગ્રા/ હેક્ટર<br>• વાવેતર સમયે પાયામા રાસાયણીક ખાતર ૬૫ કીગ્રા એસ.એસ.પી અને ૪૫ કીગ્રા યુરિયા પ્રતિ હેક્ટરે આપવું. |
| લસણ | વાવેતર | • લસણ ના વાવેતર માટે જમીન તૈયાર કરવી.<br>• નવેમ્બર મહિનામાં ઠંડીની શરૂઆત થયે વાવેતર કરવું.<br>• વાવેતર માટે ગુજરાત લસણ-૩, ગુજરાત લસણ-૪, ગુજરાત જૂનાગઢ લસણ-૫ભલામણ કરેલ જાતોનું વાવેતર કરવું.<br>• બીજ દર: ૬૦૦-૭૦૦ કિગ્રા (કળીયુ)/હેક્ટર<br>• લસણના પાકમાં N-P-K ની જરૂરિયાત ૫૦:૫૦:૫૦ કિગ્રા/હેક્ટર છે, જેમાંથી પાયાના ખાતર તરીકે ૧૧૦ કિગ્રા ડીએપી, ૬૫ કિગ્રા યુરીયા, ૬૫ કિગ્રા મ્યુરેટ ઓફ પોટાશ અને ૨૫૦ કિગ્રા એરંડીનો ખોળ પ્રતી હેક્ટર મુજબ વાવણી સમયે આપવો. |
| ડુંગળી | વાવેતર | • શિયાળુ ડુંગળીના વાવેતર માટે નાસિક-૫૩, ભીમા સપુર, ભીમા રેડ, જુનાગઢ લોકલ, ગ.ુજુના.લાલ ડુંગળી – ૧૧, ૫સા રેડ જેવી જાતો પસંદ કરવી.<br>• બીજ દર: ૭-૮ કિગ્રા/ હેક્ટર |
| કપાસ | ગુલાબી ઈયળ<br><br>થ્રીપ્સ, લીલા તડતડીયા, | • કપાસના પાકને ૭-૮ દિવસના અંતરે જરૂરિયાત મુજબ પિયત આપવું.<br>• કપાસના પાકમાં વધારે ફૂલ અને ચાપવા બેસે તે માટે ૫ ફૂટે ઉપરની ટોચ કાપી નાખવી.<br> <br>• કપાસના પાકમાં ગુલાબી ઈયળના નિયંત્રણ માટે ઈન્ડોક્ઝાકાર્બ ૧૪.૫% એસ.સી. ૮ મિલી/પંપ અથવા કલોરઈન્ટ્રાનીલીપ્રોલ ૨૦ એસ.સી. ૬ મિલી/પંપ અથવા ફ્લુબેન્ડીયમાઈડ ૩૯.૩૫% એસ.સી. ૨૦-૨૫ ગતમ/પંપ અથવા સ્પીનોસાડ ૪૫% એસ.સી. ૬ મિલિ/ પંપ દવાનો ફુલ અવસ્થાએ છંટકાવ કરવો જોઈએ.<br>• કપાસના પાકમાં થ્રીપ્સ અનેલીલા તડતડીયાના નિયંત્રણ માટે૫.૦ મીલી ફોસ્ફામીડોન અથવા ૨૦ મીલી ડાયમીથોએટઅથવા ૨૦ મીલી મીથાઈલ-ઓ-ડમેટોન દવા ૧૦ લીટરપાણીમાં ભેળવી છાંટકાવ કરવો.<br>• ગરમીનું પ્રમાણ વધવાને કારણે કપાસના પાકમાં થ્રીપ્સ અને કથીરીના ઉપદ્રવનું પ્રમાણ પણ વધશે, જેથી તેના નિયંત્રણ માટે પ્રોપરગાઈટ ૫૭% ઈ.સી. ૩૦ મિલી/પંપ અથવા એબામેકટીન ૧.૯% ઈ.સી. ૧૫ મિલી/પંપ જેવી દવાનો છંટકાવ કરવો.<br>• કપાસના પાન પીળા અને લાલ થતા અટકાવવા માટે ૧૯-૧૯-૧૯ ખાતર ૧૦૦ ગ્રામ અને માઈક્રોમિક્ષ |


| | | |
|---|---|---|
| | કથીરી | (ગ્રેડ-૪) ૨૫ ગ્રામ પંપ માં નાખીને ૨-૩ છંટકાવ કરવા જોઈએ. |
| મગફળી | પરિપક્વ | • પરિપક્વ અવસ્થાએ મગફળી ઉપાડવાની કામગીરી કરવી.<br>• સંગ્રહ કરવા માટે મગફળીને ખુલ્લા તડકામાં સુકવીને તેમાં ૮-૧૦ ટકા જેટલું ભેજનું પ્રમાણ રહે તે પછી જ તેનો સંગ્રહ કરવો. |
| દિવેલા | સુકારો<br><br>ઘોડિયા ઈયળ, લીલી ઈયળ | • દીવેલામાં સુકારાના નિયંત્રણ માટે કાર્બેન્ડાઝીમ ૫૦ વેપા ૨૦ ગ્રામ અથવા કોપર ઓક્ઝીક્લોરાઈડ ૫૦ વેપા ૬૦ ગ્રામ ૧૫ લીટર ના પંપમાં દ્રાવણ બનાવી રોગથી અસર પામેલા છોડની ફરતે જમીનમાં આપવાથી રોગની તીવ્રતા ઘટાડી શકાય છે.<br> <br>• ઘોડિયા ઈયળ અથવા લીલી ઈયળ ના નિયંત્રણ માટે ડાયક્લોરોવોસ ૭૬ ઈસી ૧૦ મિલી અથવા મિથાઈલ ઓ ડેમેટોન ૨૫ ઈસી ૧૫ મિલી ૧૫ લીટર પાણીમાં નાખીને છંટકાવ કરવો.<br>• જરૂરિયાત મુજબ પિયત આપવું. |
| તુવેર | સ્ટરીલીટી મોઝેક |  <br>• તુવેરમાં સ્ટરીલીટી મોઝેક (વંધ્યત્વનો રોગ, કથીરી)નાનિયંત્રણ માટે પ્રોપરઝાઈટ ૫૭% ઈ.સી ૩૦-૪૦ મિલી/પંપ છંટકાવ કરવો. |
| મકાઈ/ જુવાર | સાંઠાનીમાખી |   <br>• જુવારનાપાકમાંસાંઠાનીમાખીનોઉપદ્રવનાથાયતેમાટેસતતનિરિક્ષણકરતારહેવું, જોઉપદ્રવવધુહોયતોઈમીડાક્લોપ્રીડ૧૭.૮ટકાએસ.એલ. ૫મિ.લી./૧૦લીટરપાણીમાંમિશ્રકરીછંટકાવકરવો. |
| શાકભાજી પાકો | | • રોગીષ્ટ છોડને ખેતરમાંથી ઉપાડીને જમીનમાં દાટી દેવા જોઈએ.<br>• શાકભાજી પાકોને નિંદણમુક્ત રાખવા જોઈએ.<br> <br>• વેલાવાળા શાકભાજી પાકમાંપાન કોરીયાનો ઉપદ્રવટાળવા માટે૧૫મીલી મીથાઈલ-ઓ-ડેમેટોન (૨૫ઈસી) અથવા ૧૫મીલી ડાયમીથોએટ (૩૦ ઈસી) ૧૫લીટરપાણીના પંપમાં નાખીનેછંટકાવકરવો.<br>• થ્રીપ્સ અને સફેદ માખીના નિયંત્રણ માટે એસીટામીપ્રીડ૨૦% ૧૦ગ્રામ દવા ૧૫ લીટરપાણીના પંપમાં નાખીનેદર ૧૫ દિવસે છંટકાવકરવો. |

<table>
<tr><td></td><td></td><td>
 


• મરચીનાપાકમાંથ્રીપ્સનાનિયંત્રણમાટે૩૦મીલીપ્રોફેનોફોસ૧૫લીટરપાણીમાંમિશ્રણકરીછાંટવી.થ્રીપ્સનોવધુઉપદ્રવહોયતોસ્પીનોસાડઅથવાસ્પીનેટોરમદવા૭-૮મીલી. પ્રતિપંપછાંટવી.




• ટામેટાના પાકમાં લીલી ઈયળનો ઉપદ્રવ વધુ જોવા મળે છે તેના નીયંત્રણ માટે ઈન્ડોક્ઝાકાર્બ ૨૫ ઈસી ૩૦ મિલી અથવા સ્પીનોસાદ ૪૫ ઈસી ૫ મિલી પ્રતિપંપછાંટવી.

• ફળમાખીનાનિયંત્રણમાટેએસીટામીપ્રીડ૨૦ટકા૧૫ગ્રામદવા૧૫લીટરપાણીમાંભેળવીછંટકાવ કરવો.

• રીંગણના પાકમાં જો ફળઅનેડોકાનીઈયળોનોઉપદ્રવહોયતોરીનાક્ષીપાયર૧૮.૫એસ.સીદવા૫મીલી૧૫લીટરપાણીમાંમીશ્રકરીનેછંટકાવકરવો.

• શાકભાજી પાકોમાં પાનકથીરીનો ઉપદ્રવ જોવા મળે તો ફેનાઝાકવિન ૧૦ ઈસી ૧૦ મિલી અથવા ડાયફેન્યુરોન ૫૦ ડબલ્યુ પી ૧૫ ગ્રામ ૧૫ લીટર પાણીમાં પંપમાં નાખીને છંટકાવ કરવો.

• ભીંડામાં સફેદ માખી અને લીલી પોપટીના નિયંત્રણ માટે લીંબોળીનુંતેલ ૫૦ મી.લી. અથવા લીંબોળીના મીંજનું ૫ ટકા અર્ક નુંદ્રાવણ ૫૦૦ મી.લી. અને ડાયફેનથાયુરોન ૫૦ ટકા વે.પા. ૧૬ગ્રામ દવાને ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરીને છંટકાવ કરવો.
</td></tr>
<tr><td>પશુ


</td><td colspan="2">
• પશુઓના રહેઠાણનીજ ગ્યાની વ્યવસ્થિત સફાઈ રાખવી અને માખીઓના ઉપદ્રવથી બચવા ફિનાઈલ છાંટવું અથવા લીમડાનાં પાનનો ધુમાડો કરવો.

• પશુને ૬થી૮ કી.ગ્રા. સુકો અને ૧૫ થી ૨૦ કી.ગ્રા. લીલો ચારો આપવો. આપવી. દુધાળા પશુઓને પ્રતિ લીટર દુધની ઊપજ હોય તેમને નિયમિત ૧કી.ગ્રા. ફીડ + ૫૦ ગ્રામ ખનીજ તત્ત્વોનું મિશ્રણ આપવું.

• ઈતરડીના નિયંત્રણ માટે ડેલ્ટામેથ્રીન અથવા એમીટ્રાલ ૨ મી.લી. એક લીટર પાણીમાં નાખીને છાંટવી.
</td></tr>
</table>

# District Agrometeorological Unit (DAMU)

## Gramin Krushi Mausam Seva (GKMS)
## Krishi vigyan kendra
## Junagadh Agricultural University
## Jamnagar-361006
## Date:04-11-2020 to 08-11-2020

**Jamnagar District Agromet Advisory Service bulletin No. 45(2020) Date: 03-11-2020**

**(Issued jointly by Junagadh Agricultural University and India Meteorological Department)**

### Significant weather for the preceding week

| weather parameter | | |
|---|---|---|
| Rain fall (mm) | | 0.0 |
| Maximum temperature (˚C) | | 32.0-34.0 |
| Minimum temperature (˚C) | | 17.0-19.7 |
| Relative Humidity (%) | Morning | 62-83 |
| | Afternoon | 24-48 |
| Wind speed (Kmph) | | 2.7-4.0 |

### Weather forecasting for Jamnagar District

**(Period from Date: 04-11-2020 to 08-11-2020)**

| Date / Paramerer | Day-1 04-11-20 | Day-2 05-11-20 | Day-3 06-11-20 | Day-4 07-11-20 | Day-5 08-11-2020 |
|---|---|---|---|---|---|
| Rain fall (mm) | 0 | 0 | 0 | 0 | 0 |
| Maximum temperature (˚C) | 33 | 32 | 31 | 31 | 32 |
| Minimum temperature (˚C) | 22 | 21 | 21 | 22 | 22 |
| Cloud cover (okta) | Clear | Clear | Clear | Clear | Clear |
| Relative Humidity-I (%) | 35 | 47 | 56 | 43 | 35 |
| Relative Humidity-II (%) | 22 | 21 | 26 | 28 | 21 |
| Wind speed (Km/h) | 11 | 12 | 14 | 15 | 13 |
| Wind Direction (deg.) | E | S | NW | NE | E |

Note: Above forecast is the average situation of whole district not for one particular place.

Gramin Krushi Kausham Seva, Krishi Vigyan Kendra, Jamnagar and Indian meteorological department announce upcoming five days weather forecast of Jamnagar district

Rain fall: Sky will be observed clear for next five days. In the next no chances of rainfall.

Temperature: Maximum and minimum temperature likely to be in range 31-32 °C and 21-22 °C, respectively.

Relative Humidity: The RH-I and RH-II is likely to be in the range of 35-56 % & 21-28, respectively.

Wind Direction and Speed: Direction and speed of wind is likely to be NE-S and 11-15 km/h, respectively.

## Agricultural advisory


**General Advice**


- Carried out planning of Rabi crop sowing. On the basis of crop, prepare soil and carried out cultivation.
- Collect the Rabi crop seed, pesticide, fertilizer on the basis of requirement.
- In all crops apply the seed treatment like fungicide and insecticide. Maintain the sequence of seed treatment in order like Fungicide + Insecticide + Rhizobium culture.
- Apply the weediside treatment like Pendimithaline 38.7 % CS 700-900 ml/acre at first irrigation time.

| Crop wise Advise | | |
|---|---|---|
| **crop** | **Pest/ Disease/ Stage** | **Advisery** |
| Wheat | Sowing | • Prepare the soil for wheat crop cultivation.<br>• If drip irrigation facility available then cultivate wheat crop in drip irrigation.<br>• Collect the wheat crop seed on the basis of requirement.<br>• Select the variety on the basis of date of sowing like<br>  • Early sowing: (before 10th November): GJW-463<br>  • Timely Sowing: (15 to 25 November): Lok-1, GW-366, 496<br>  • Late sowing: (26 November to 10 September): GW-173,11 and Lok-11.<br>• Apply the fertilizer doze like N-P-K: 120-60-00 kg/ha. For the half dose of N and P fertilizer as basal dose apply the 130 kg DAP and 80 kg Urea per hectare. |

| | | |
|---|---|---|
| | | • Seed rate: 100-125 kg/ha |
| Chick pea | Sowing | • Prepare the soil for Chick pea crop cultivation.<br>• Sowing can be carried out in October month of reified variety and irrigated variety sowing carried out in November month.<br>• Select the high yielding variety like Gujarat chickpea-3 and Gujarat chickpea-5.<br>• Apply the 85 kg DAP and 10 kg Urea per hectare as basal dose at time of sowing.<br>• Seed rate: 60-75 kg/ha |
| Cumin | Sowing | • Prepare the soil for Chick pea crop cultivation.<br>• Sowing can be carried out in November month when cold night starting.<br>• Select the high yielding variety like Gujarat Cumin-3 and Gujarat Cumin -4. |
| Coriander | Sowing | • Prepare the soil for Chick pea crop cultivation.<br>• Sowing can be carried out in November month when cold night starting.<br>• Select the recommended variety like Gujarat Coriander-1, Gujarat Coriander-2.<br>• Seed rate: 15-20 kg/ha<br>• Give the application of 65 kg SSP and 45 kg Urea per hectare as basal dose. |
| Garlic | Sowing | • Prepare the soil for Chick pea crop cultivation.<br>• Sowing can be carried out in November month.<br>• Select the high yielding variety like Gujarat Garlic-3, Gujarat Garlic-4, Gujarat Junagadh Garlic-5.<br>• Seed rate: 600-700 kg (cloves)/ha<br>• Apply the fertilizer doze like N-P-K: 50-500-50 kg/ha. Apply 110 kg DAP, 65 kg Urea, 65 kg MOP and 250 kg castor cake/ha as basal dose at time of sowing. |
| Onion | Sowing | • Select the variety like Nashik-53, Bhima Supar, Bhima Red, Junagadh local, Onion - 11, Pusa Red for winter crop sowing.<br>• Seed rate:7-8 kg/ha |

| | | |
|---|---|---|
| Cotton | Pink bollworm<br><br>Thrips, Jassid, Aphid, Mite | • Apply irrigation at 7-8 days interval.<br> <br>• Control of Pink bollworm spray the insecticide like indoxacard 14.5% SC 8 ml/pump or clorantraniliprole 20% SC 6 ml/pump or flubendiamide 39.35% SC 20-25 gram/pump or Spinosad 45% SC 6 ml/pump spray at flowering stage.<br>• For the control of Thrips and Jassid, spray 3 ml phosphamidon OR 15 ml dimethoate OR 15 ml methyl-O-demeton mix in 10 liter of water.<br>• Due to rising of temperature, Thrips and Mite infestation observe in cotton crop so spray the insecticide like Propargite 57% EC 30 ml/pump or Abamectin 1.9% EC 15 ml/pump at clear sky condition.<br>• If there is observed cotton leaves yellow and red, then spray 19-19-19 (N.P.K) @ 100g and Micromix (Grade-4) @ 25g per pump in 2 to 3 replications. |
| Groundnut | | • At maturity stage harvest the early sowing or bunch type groundnut.<br>• Carried out sun drying and store groundnut pod at 8-10% moisture level. |
| Castor | Wilt<br><br>Semi looper, Spodoptera | • For the control of wilt in castor use the Carbendazim 50 WP 20 gram or Copper oxychloride 50 WP 60 gram per 15 liter water pump mix and drenching around the wilted plant.<br> <br>• For the control of semi looper and spodoptera spray dichlorovos 76 EC 10 ml or methyl o demeton 25 EC 15 ml mix in 15 liter water and spray alternate. |

| | | |
|---|---|---|
| Red gram | Starility mosaic |  <br>• Red mite infestation and spread Starility mosaic virus, for control them spray properzait 57% EC 30-40 ml/pump. |
| Sorghum/ Maize | Shoot fly |   <br>• Continuously monitor the sorgum crop for shoot fly infestation, if infestation observe above ETL spray imidacloprid 17.8 SL 5 ml/10 litre of water. |
| Vegetables | | • Infected plants should be uprooted and buried in the soil.<br>• Keep vegetable crop weed free.<br> <br>• For the control of leaf Webber in fruit leafy vegetable spray 15 ml methyl-O-demeton (25 EC) Or 10 ml diamethoate (30 EC) in 15 liter of water.<br>• For the control of thrips and white fly, spray acetamiprid 20 % SP@ 10.0 gm / 10 lit of water at 15 days interval.<br> <br>• For the control of thrips in chilli, spray 30 ml profenophos in 15 litres of water. In case of heavy attack make spray of spinosad or spinetoram 7-8 ml per 15 liter of water.<br>  <br>• In tomato crops control of fruit borer, spray indoxacarb 25 EC 30 ml or |

<table>
<tr><td></td><td></td><td>spinosad 45 EC 5 ml per pump mix in water and spray.<br><br>• For the control of Fruit fly spray acetamiprid 20 % 15 gm per 15 liter water pump.<br><br>• In brinjal and tomato crops control of fruit borer, spray reenaxipayar @ 5 ml in 15 lit of water.<br><br>• If mite infestation observe in vegetable then spray fenazaquin 10 EC 10 ml or diafenuron 50 WP 15 gm per 15 liter water pump and carried out alternate spray.<br>• For control of whitefly & jassids in Okra, spray 500 ml of 5 % neem seed extract or 50 ml neem oil or acephate75 % SP@ 15 gm or imidacloprid 17.8 SL 3 ml/10 litre of water.</td></tr>
<tr><td>Cow</td><td colspan="2">• Spray phenyl in the animal shed to avoid flys and mosquitoes. Keep animal shed hygienic and clean to avoid flies and mosquitoes.<br>• Provide 6-8 kg good quality dry roughage with 15-20 kg green fodder to the animals. For milch animals, regularly follow schedule of 1 kg feed + 50 g mineral mixture per 2 liters of milk yield.<br>• Spray Deltamethrin or Amitraz 2 ml/litre of water for the control of tick.</td></tr>
</table>